# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-05-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

****************************************************

1. તમિલનાડુમાં, સીજોસેફ વિજયની આગેવાની હેઠળની તમિલગા વેત્રી . જીત્યો સરકારે વિધાનસભામાં વિશ્વાસ મત (ટીવીકે) કઝગમ
2. ઓલ ઈન્ડિયા એનઆર કોંગ્રેસના નેતા એનરંગાસ્વામીએ આજે રેકોર્ડ . પાંચમી વખત પુડુચેરીનામુખ્યમંત્રી તરીકે શપથ લીધા.
3. પેટ્રોલ ડિઝલની કરકસરના ભાગરૂપે પ્રધાનમંત્રી અને કેન્દ્રીય ગૃહમંત્રીએ પોતાના કોનવોમાં કાપ મૂક્યો.
4. NEET પરીક્ષાના પેપર લીક મામલે CBI ટીમે જયપુરમાં ધરપકડ કરાયેલા બે ડઝન લોકોની પૂછપરછ કરી.
5. સોનાચાંદીના ભાવમાં વધારો ભારતીય ..શેરબજારમાં ઉછાળા સાથે કારોબાર.
6. આઇપીએલમાં આજે રોયલ ચેલેન્જર બેંગલુરુ સામે કોલકત્તા નાઇટ રાઇડર્સ ટકરાશે.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને ૩૦ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# TN-FLOOR TEST

તમિલનાડુમાં, સી. જોસેફ વિજયના નેતૃત્વ હેઠળની તમિલગા વેત્રી કઝગમ (TVK) સરકારે વિધાનસભામાં વિશ્વાસ મત જીત્યો છે.

જેમાં 144 ધારાસભ્યોએ સરકારના તરફેણમાં મતદાન કર્યું, જ્યારે 22 ધારાસભ્યોએ વિશ્વાસ પ્રસ્તાવની વિરુદ્ધમાં મતદાન કર્યું હતું. સરકારને ગૃહમાં સ્પષ્ટ બહુમતી મળી હતી. મુખ્ય વિપક્ષી પક્ષ ડીએમકે કાર્યવાહી દરમિયાન વિધાનસભામાંથી વોકઆઉટ કર્યું હતું.

શ્રી વિજયની પાર્ટીએ વિધાનસભા ચૂંટણીમાં માત્ર 108 બેઠકો જીતી હતી. તમિલનાડુના રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરે શ્રી વિજયને ગૃહમાં બહુમતી સાબિત કરવાનો આદેશ આપ્યો હતો.

. . . . . . . . . . . . . . . .

POOL = SONAL = DHVANIT

# RANGASAMY SWORN

ઓલ ઈન્ડિયા એનઆર કોંગ્રેસના નેતા એન. રંગાસ્વામીએ આજે રેકોર્ડ પાંચમી વખત પુડુચેરીના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. લોક નિવાસ ખાતે આયોજિત એક સમારોહમાં, પુડુચેરીના ઉપરાજ્યપાલ કે. કૈલાશનાથને તેમને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા. સમારોહમાં ઓલ ઈન્ડિયા એનઆર કોંગ્રેસના મલ્લાદી કૃષ્ણ રાવ અને ભાજપના એ. નમસ્સ્વયમને પણ મંત્રી તરીકે શપથ લીધા. હાજર રહેલા લોકોમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન, ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ (સંગઠન) બી. એલ. સંતોષ, પ્રદેશ ભાજપ પ્રમુખ વી. પી. રામલિંગમ, અધિકારીઓ અને પાર્ટીના નેતાઓ હતા.

. . . . . . . . . . . . . . .

POOL = HARSHAL PANDYA = DHVANIT

# PM- CONVOY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તાજેતરના ઘરેલુ પ્રવાસો માટે તેમના કાફલામાં નોંધપાત્ર ઘટાડો કર્યો છે. વિશેષ સુરક્ષા સમૂહ- SPG પ્રોટોકોલ હેઠળ ફરજિયાત તમામ આવશ્યક સુરક્ષા વ્યવસ્થા જાળવી રાખવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રધાનમંત્રીના કાફલામાં વાહનોની સંખ્યામાં ઘટાડો ગુજરાત અને આસામની તેમની તાજેતરની મુલાકાતો દરમિયાન લાગુ કરવામાં આવ્યો હતો. આ પગલું પશ્ચિમ એશિયા કટોકટી વચ્ચે આયાતી ઇંધણ પર નિર્ભરતા ઘટાડવા અને પર્યાવરણને અનુકૂળ વિકલ્પો અપનાવીને આર્થિક મજબૂતીમાં ફાળો આપવા માટે પ્રધાનમંત્રીની સાત અપીલોને અનુરૂપ છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, કાફલામાં ઘટાડો થવા છતાં, પ્રધાનમંત્રીની સલામતી સુનિશ્ચિત કરવા માટે તમામ મુખ્ય સુરક્ષા વ્યવસ્થા યથાવત રહેશે. પ્રધાનમંત્રી મોદીએ અધિકારીઓને કોઈપણ નવી ખરીદી કર્યા વિના,શક્ય હોય ત્યાં તેમના કાફલામાં ઇલેક્ટ્રિક વાહનોનો સમાવેશ કરવાનો નિર્દેશ પણ આપ્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અપીલ બાદ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તેમના કાફલાને ઘટાડીને અડધાથી પણ ઓછું કર્યું.

આ પગલું પ્રધાનમંત્રી દ્વારા નાગરિકોને આયાતી ઇંધણ પર નિર્ભરતા ઘટાડીને અને મધ્ય પૂર્વ સંકટ વચ્ચે પર્યાવરણને અનુકૂળ વિકલ્પો અપનાવીને આર્થિક સ્થિરતામાં યોગદાન આપવા માટે કરવામાં આવેલી સાત અપીલોને અનુરૂપ છે.

POOL = SONAL = DHVANIT

# PM-FIVE NATION TOUR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ શુક્રવારથી સંયુક્ત અરબ અમીરાત-UAE, નેધરલેન્ડ, સ્વીડન, નોર્વે અને ઇટાલીની છ દિવસની મુલાકાતે જશે. પાંચ દેશોની તેમની મુલાકાતના પ્રથમ તબક્કામાં, શ્રી મોદી શુક્રવારે UAE પહોંચશે, જ્યાં તેઓ રાષ્ટ્રપ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહ્યાન સાથે મુલાકાત કરશે. બંને નેતાઓ દ્વિપક્ષીય મુદ્દાઓ, ખાસ કરીને ઉર્જા સહયોગ, તેમજ પરસ્પર હિતના પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરશે તેમ વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધિર જયસ્વાલે કહ્યું હતું.

તેમની મુલાકાતના બીજા તબક્કામાં, પ્રધાનમંત્રી શુક્રવારે નેધરલેન્ડ પહોંચશે.તેઓ રાજા વિલેમ-એલેક્ઝાન્ડર અને રાણી મેક્સિમાને મળશે અને પ્રધાનમંત્રી રોબજેટન સાથે વાતચીત કરશે.

શ્રી મોદી રવિવારે સ્વીડનના ગોથેનબર્ગ જશે અને તેમના સમકક્ષ ઉલ્ફક્રિસ્ટરસન સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે. તેમની મુલાકાતના ચોથા તબક્કામાં, તેઓ સોમવારે ત્રીજી ભારત-નોર્ડિક શિખર બેઠકમાં ભાગ લેવા નોર્વે પહોંચશે. તેમની મુલાકાતના અંતિમ તબક્કામાં, પ્રધાનમંત્રી 19મી તારીખે ઇટાલીની સત્તાવાર મુલાકાત લેશે, જ્યાં તેઓ રાષ્ટ્રપ્રમુખ સર્જિયો માટ્ટારેલા અને પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોની સાથે વાતચીત કરશે.

. . . . . . . . . . . . . . .

POOL = HARSHAL PANDYA = DHVANIT

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

HINDUSTHAN SAMCHAR = HARSHAL PANDYA = SHIRALI

# DAY-NEET CBI (RAJ.)

NEET પરીક્ષાના પેપર લીક થવાની તપાસ માટે CBI ટીમ જયપુર પહોંચી હતી અને રાજસ્થાન પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ )SOG) દ્વારા ધરપકડ કરાયેલા લગભગ બે ડઝન લોકોની પૂછપરછ કરી હતી. દરમિયાન, તપાસના ભાગ રૂપે SOG દ્વારા સીકર અને નજીકના વિસ્તારોમાં સેંકડો લોકોની પૂછપરછ કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . . .

POOL = HARSHAL PANDYA = DHVANIT

# STOCKS-1200

ભારતીય શેરબજારમાં પ્રારંભિક ઘટાડા બાદ વધાર જોવા મળ્યો હતો.ક્રુડ ઓઇલના ભાવોમાં આંશિક ઘટાડાને કારણે શેરબજારમાં વધારો જોવા મળ્યો હતો.. છેલ્લા અહેવાલ મુજબ સેન્સેક્સ 340 કરતાં વધુ અને નિફ્ટીમાં 115 અંક કરતાં વધુનો ઉછાળો જોવા મળ્યો હતો.

. . . . . . . . . . . . . . . .

POOL = HARSHAL PANDYA = DHVANIT

# GOLD-SILVER PRICE

સોના અને ચાંદીના ભાવમાં આજે છ ટકા સુધીનો મોટો ઉછાળો જોવા મળ્યો. મલ્ટી કોમોડિટી એક્સચેન્જના વાયદા બજારમાં, જૂન કોન્ટ્રેક્ટ માટે સોનું લગભગ છ ટકા વધીને 1 લાખ 62 હજાર 597 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર ટ્રેડ થઈ રહ્યું હતું, જ્યારે જુલાઈ કોન્ટ્રેક્ટ માટે ચાંદી લગભગ 6.4 ટકા વધીને 2 લાખ 96 હજાર 821 રૂપિયા પ્રતિ કિલોગ્રામ પર ટ્રેડ થઈ રહી હતી, એમ તાજેતરના અહેવાલો દર્શાવે છે. જોકે, ઇન્ટ્રાડે ટ્રેડ દરમિયાન, સોના અને ચાંદીના ભાવમાં આઠ ટકા સુધીનો વધારો થયો હતો.

સરકારે સોના અને ચાંદી પર સેસ સહિત આયાત ડ્યુટી 6 ટકાથી વધારીને 15 ટકા કરી છે. પ્લેટિનમ પરની આયાત ડ્યુટી પણ 6.4 ટકાથી વધારીને 15.4 ટકા કરવામાં આવી છે.

. . . . . . . . . . . . . . .

POOL = HARSHAL PANDYA = DHVANIT

# GOLD DUTY

પશ્ચિમ એશિયા સંકટ વચ્ચે રૂપિયાને ટેકો આપવા માટે સરકારે સોના અને ચાંદી પરનો આયાત શુલ્ક વધારીને 15 ટકા કર્યો છે. આ દરો બુધવારથી લાગુ પડી ગયા છે. નાણા મંત્રાલયે, આ સંબંધમાં મંગળવારે મોડી રાત્રે અધિસૂચના (નોટિફિકેશન) બહાર પાડી. તે મુજબ, સરકારે સોના અને ચાંદીની આયાત પર 10 ટકા મૂળભૂત સીમા શુલ્ક (કસ્ટમ ડ્યુટી) અને 5 ટકા કૃષિ માળખાકીય સુવિધા અને વિકાસ ઉપકર (એગ્રીકલ્ચર ઈન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ ડેવલપમેન્ટ સેસ) લગાવ્યો છે. આનાથી પ્રભાવી આયાત વેરો 6 ટકાથી વધીને 15 ટકા થઈ ગયો છે. આ દરો આજથી લાગુ પડી ગયા છે.

નાણા મંત્રાલયની અધિસૂચના 16/2026માં સીમા શુલ્ક દ્વારા કિંમતી ધાતુઓ અને તેમાંથી બનેલી વસ્તુઓ (નિષ્કર્ષ) માટે સીમા શુલ્કના દરોને અપડેટ કરવામાં આવ્યા છે. અધિસૂચના અનુસાર, સોના અને ચાંદીથી બનેલી વસ્તુઓ પર 5 ટકા શુલ્ક લાગશે, જ્યારે પ્લેટિનમથી બનેલી વસ્તુઓ પર આ દર 5.4 ટકા હશે. આ ઉપરાંત, કિંમતી ધાતુઓમાંથી બનેલા ઉપયોગમાં લેવાયેલા કેટેલિસ્ટ (ઉત્પ્રેરક) પર 4.35 ટકા શુલ્ક નિર્ધારિત કરવામાં આવ્યો છે, જોકે સંબંધિત અનુપાલન માપદંડોનું પાલન કરવામાં આવે.

. . . . . . . . . . . . . . .

HINDUSTHAN SAMCHAR = HARSHAL PANDYA = DHVANIT

# PRATIK YADAV DEATH

સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવના નાના ભાઈ, પ્રતીક યાદવનું લખનઉમાં નિધન થયું. તેમની ઉંમર હજુ માત્ર 38 વર્ષની હતી. સૂત્રો અનુસાર તેઓ બીમાર હતા.સિવિલ હોસ્પિટલના ડોકટરોના મતે, પ્રતીક યાદવને સિવિલ હોસ્પિટલમાં સવારે 6:00 વાગ્યે લાવવામાં આવ્યા હતા. હોસ્પિટલ પહોંચતા પહેલા તેમનું અવસાન થઈ ગયું હતું. પ્રતીક ફિટનેસ પ્રત્યે ખૂબ ગંભીર રહેતા હતા. તેઓ સમાજવાદી પાર્ટીના સંસ્થાપક સ્વર્ગસ્થ મુલાયમ સિંહ યાદવના બીજા પત્ની સાધના ગુપ્તાના પુત્ર છે. તેમની પત્ની અપર્ણા યાદવ ભાજપના નેતા છે અને ઉત્તર પ્રદેશ મહિલા આયોગના ઉપાધ્યક્ષ છે.

. . . . . . . . . . . . . . . .

HINDUSTHAN SAMCHAR = HARSHAL PANDYA = DHVANIT

# TAMILNADU

તિરુપ્પુર જિલ્લાના વેલ્લાકોવિલ-કરુર રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર પોલીસ ચેક પોસ્ટ પાસે આજે વહેલી સવારે થયેલા માર્ગ અકસ્માતમાં ફરજ પરના પોલીસકર્મી સહિત 6 લોકોનું ઘટનાસ્થળે જ મોત થયું. રસ્તાના ડિવાઈડર સાથે અથડાઈને ક્ષતિગ્રસ્ત થયેલા ટ્રકને પોલીસકર્મી રવિચંદ્રન હટાવી રહ્યા હતા. આ દરમિયાન એક ઝડપી કાર અચાનક કાબૂ ગુમાવીને ટ્રક સાથે અથડાઈ. આ દુર્ઘટનામાં પોલીસકર્મી રવિચંદ્રન, ટ્રક ડ્રાઈવર અને કારમાં સવાર 4 લોકો સહિત કુલ 6 લોકોના મોત થયા.

માહિતી મળતા જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી. તમામ મૃતદેહોને સરકારી હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. હજુ સુધી મૃતકોની ઓળખ થઈ શકી નથી. વેલ્લાકોવિલ પોલીસે કેસ નોંધીને તપાસ શરૂ કરી દીધી છે.

. . . . . . . . . . . . . . .

HINDUSTHAN SAMACHAR = HARSHAL PANDYA = DHVANIT

# IPL CRICKET

આજ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ રાયપુરમાં કોલકાતા નાઈટ રાઇડર્સ સામે ટકરાશે. મેચ સાંજે 07:30 વાગ્યે શરૂ થશે.

. . . . . . . . . . . . . . . .

POOL = HARSHAL PANDYA = DHVANIT

# INDONESIA FM- BRICS

ઇન્ડોનેશિયાના વિદેશ મંત્રી સુગિઓનો આજે વહેલી સવારે નવી દિલ્હીના ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય હવાઇમથક પર પહોંચ્યા. તેઓ આવતીકાલથી શરૂ થતી બે દિવસીય બ્રિક્સ વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેવા માટે ભારતની મુલાકાતે છે. આ બેઠકની અધ્યક્ષતા વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર કરશે. બ્રિક્સના વિદેશ મંત્રીઓ અને સભ્ય અને ભાગીદાર દેશોના પ્રતિનિધિમંડળના વડાઓ આ બેઠકમાં ભાગ લેશે. તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પણ મળશે. બેઠક દરમિયાન, બ્રિક્સ સભ્ય દેશોના વિદેશ મંત્રીઓ પરસ્પર હિતના વૈશ્વિક અને પ્રાદેશિક મુદ્દાઓ પર વિચારોનું આદાન-પ્રદાન કરશે.

. . . . . . . . . . . . . . .

POOL = HARSHAL PANDYA = DHVANIT